
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




લો આ મસાલીયુ આમાંની બધી વસ્તુ વારાફરતી નાકમાં નાખતા રહેજો... હવે આપણી પાસે બીજો કોઈ ઉપાય નથી...!!

# કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજનની જરૂરિયાત ધરાવતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે

## કોવિડ ડેઝીગ્નેટેડ કિડની હોસ્પિટલમાં ૮૦, કેન્સર હોસ્પિટલમા ૩૦ અને મંજૂશ્રી કેમ્પસમા ૧૦૦ અને પથારીની સુવિધાઓ આજથી ઉમેરાઈ

ગાંધીનગર, તા. ૧૮

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કહ્યું કે ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓ કે જેમને ઓક્સિજનની જરૂરિયાત હોય તેવા દર્દીઓ જ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખે. કોરોનાથી સંક્રમિત થયા બાદ સ્થિતિ સામાન્ય જણાતી હોય તો હોમ આઈસોલેશનમાં રહીને સંજીવની રથ દ્વારા આપવામાં આવતી સારવાર મેળવવા નાયબ મુખ્યમંત્રીએ અપીલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીએ આજે અમદાવાદ સિવિલ મેડિસીટી સ્થિત યુ.એન. મહેતા હાર્ટ ઈન્સ્ટીટ્યુટની હોસ્પિટલમાં નિર્મણાધીન હોસ્ટેલમાં ઉભી કરાયેલ નવીન કોવિડ પથારીઓનું નિરીક્ષણ કર્યુ હતુ. રાજ્યભરમાં કોરોનાગ્રસ્ત દર્દીઓમાં ઓક્સિજનની સુવિધા ધરાવતી પથારી પર મેળવવી પડતી સારવારની જરૂરિયાતને વહેલી તકે સંતોષવા નાયબ મુખ્યમંત્રી એ યુ.એન. મહેતા હોસ્ટેલમાં ૧૬૦ ઓક્સિજનની પથારી ધરાવતી સુવિધા ઉપલબ્ધ કરાવવા સુચન કર્યુ હતુ. જેને યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ દ્વારા





પી.આઈ.યુ.ના સહયોગથી ખૂબ જ ટૂંકા ગાળામાં કાર્યરત કરીને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

નાયબ મુખ્યમંત્રીએ વિધિવત રીતે દિવાંજલી કરીને નવી ૧૬૦ પથારીઓ પર સારવાર માટે આવનાર કોરોનાગ્રસ્ત દર્દીઓની આરોગ્ય સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

નાયબ મુખ્યમંત્રીએ મીડિયાને સંબોધન કરતા સિવિલ મેડીસીટીની કોવિડ ડેઝીગ્નેટેડ કિડની હોસ્પિટલમાં ઓક્સિજનની સુવિધા યુકત ૮૦ પથારી, જી.સી.આર.આઈ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં વધુ ૩૦ ઓક્સિજનયુક્ત પથારી વધારવાની જાહેરાત કરી હતી. મંજુશ્રી મીલ કંપાઉન્ડ સ્થિત કિડની હોસ્પિટલમાં કાર્યરત કોરોના ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં પણ ટૂંક સમયમાં વધુ ૧૦૦ જેટલી પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારમાં ઉપલબ્ધ કરાવવામાં આવનાર હોવાનું નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ.

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલિત અન્ય હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલમાં પણ જરૂરિયાત પ્રમાણે ઓક્સિજન બેડની ક્ષમતા વધારવાનુ સુદ્રઢ આયોજન કરાયુ હોવાનું નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કેન્દ્ર સરકારના સંચાલન હેઠળ ડી.આર.ડી.ઓ.ના સહયોગથી ખૂબ જ ટૂંકા ગાળામાં જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે નિર્માણ પામી રહેલા ૯૦૦ કોવિડ બેડ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ. આ બદલ તેઓએ કેન્દ્ર સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

## ડભોડા ગામમાં કેસરીનંદન સોસાયટીના રહીશો દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ચિલોડા, તા. ૧૮

કોરોના સંક્રમણ અટકાવવા અને ગ્રામજનોની સલામતી સ્વાસ્થ્ય અને સુરક્ષા જળવાય તેવા ઉમદા હેતુસર ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં આવેલી



કેસરીનંદન સોસાયટીના રહીશો તેમજ સેવાભાવી નાગરિકોમાં શૈલેષભાઈ સોલંકી, રાહુલ સોલંકી, આશા ફેસિલિટેરર રક્ષાબેન સોલંકી દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોના સામે રક્ષણ મેળવવા માટે ડભોડાના પંદરસોથી વધુ ગ્રામજનોને આ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેસરીનંદન સોસાયટીના રહીશો, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો તેમજ ગામના યુવાનોએ આ ઉકાળાનો વિશેષ લાભ લીધો હતો. દરેકે બાટલામાં ભરીને પોત પોતાના વિસ્તારમાં પણ આ ઉકાળાનું વિતરણ કર્યુ હતુ. કોરોના મહામારીમાં સૌ ગ્રામજનો દેશી અને આયુર્વેદિક ઉપચારો તરફ વધુ રસ લઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. વીરાતલાવડી ગ્રામ્ય વિસ્તારોમાં સેવાભાવી લોકો અજમો, કપુર અને લવિંગની પોટલીઓ બનાવી ઘરગથ્થુ ઉપચાર કરી કોરોના મુક્ત બનવા વધુ રસ દાખવી રહ્યા છે.




ગાંધીનગરની દિકરીઓ હવે રમતગમત ક્ષેત્રે પોતાનુ કૌવત ઝળકાવી રહી છે. તાજેતરમાં છત્તીસગઢના રાયપુર ખાતે યોજાયેલી એથ્લેટીક્સ વેસ્ટ ઝોન ચેમ્પિયનશીપમાં બરછી ફેંક ઈવેન્ટમાં શહેરના સેક્ટર-૭ની જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અંકિતા ડિયોરાએ અન્ડર-૧૮ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ અને શિવાની ગરાસીયાએ અન્ડર-૧૬ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ચંદ્ર અને મંગળની સંતાકૂકડીનું જીવંત પ્રસારણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ચંદ્ર અને મંગળની સંતાકૂકડી (મૂન- માર્સ એક્યુલેશન)નું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ગુજરાત કાઉન્સીલ સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગરના નાગરિકો અને વિદ્યાર્થીઓએ માટે વિજ્ઞાનલક્ષી જનજાગૃતિ કાર્યક્રમો સતત યોજવામાં આવતા હોય છે. જયારે જયારે પણ કોઈ ખગોળીય ઘટના થતી હોય છે ત્યારે નિસર્ગ સાયન્સ સેન્ટર અધ્યતન ટેલિસ્કોપ, બાયનોક્યુલર, કેમેરાનો ઉપયોગ કરી તેની વિગતો લોકો સુધી પહોચડવા હંમેશા મોખરે હોય છે. તા. ૧૭




એપ્રિલના રોજ સાંજના સમયે મૂન - માર્સ એક્યુલેશન ઘટના બની હતી. મૂન - માર્સ એક્યુલેશન એટલે ચંદ્રની પાછળ મંગળનું આવી જવાથી કેટલાક સમય માટે મંગળ દેખાતો ન હતો સાદીભાષામાં ચંદ્ર અને મંગળની સંતાકૂકડી થઈ હતી.

બ્રહમાંડમાં અનેક તારાઓ અને અવકાશી પદાર્થો આવેલા છે. તેઓ સતત ફરતા હોય છે જેના કારણે કોઈને કોઈ ખગોળીય ઘટના જોવા મળતી હોય છે. સૂર્ય મંડળના ગ્રહો અને ઉપગ્રહો સતત તેમની પરિક્રમામાં ફરતા હોય છે ત્યારે ગ્રહોનું એક લાઈનમાં કે નજીક આવવાનું વારંવાર બનતું હોય છે. જેના કારણે ગ્રહણો થતાં હોય છે. ૧૭ તારીખે ચંદ્રની પાછળ મંગળ આવી જવાની ઘટના એક સામાન્ય ઘટના છે પણ ખગોળ પ્રેમીઓ આવી ઘટનાને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોતાં હોય છે. ચંદ્ર પૃથ્વીની ૩ લાખ ૮૪ હજાર કિલોમીટર જેટલો નજીક છે એટલે ખૂબ મોટો દેખાય છે. જ્યારે મંગળ ૫૪.૬ મિલિયન કિલોમીટર દૂર છે એટલે ખૂબ નાનો એટલે અવકાશમાં એક નાના તારા કે ટપકા જેવો દેખાય છે. આ દિવસે સાંજના ૫.૩૫ કલાકે મંગળ ચંદ્રની ઉપરની સપાટીને સ્પર્શ કરીને ચંદ્રની પાછળ સંતાઈ ગયો હતો. બરાબર સાંજે ૭.૧૩ કલાકે ચંદ્રની નીચેની સપાટીએથી બહાર નીકળ્યો હતો. મંગળ એ લાલ ગ્રહ છે. જ્યારે મંગળ એ અને ચંદ્રની પાછળથી બહાર નિકળ્યો તે ઘટનાઓ એટલી અદભુત હતી કે જાણે ચંદ્રને લાલ કલરનો ખીલ થયો હોય તેવું લાગે. કાલે વાદળો હોવાથી આ ઘટનાનું પૂરું પ્રસારણ થઈ શક્યું ન હતું તેમ છતાં નિસર્ગ સાયન્સ સેન્ટરથી તેટલા પ્રયત્નો કરી આ ખગોળીય ઘટના નિહાળી હતી.

## ખૂણેખાંચરેથી

- આજે રવિવારની રજાનો દિવસ લોકોએ સ્વયંભુ લોકડાઉન પાળી ઘરમાં જ સમય પસાર કર્યો હતો. જો કે બપોર બાદ ઘણા બધાં ક્રિકેટ રસિયાઓએ આઈ.પી.એલ.ની મેચ નિહાળી હતી.
- કોરોનાની મહામારીને કારણે શાકભાજીની આવકમાં ઘટાડો થતાં ભાવ આસમાને પહોંચ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં વધતા જતા મૃત્યુઆંકને લીધે કોરોનાનો ગભરાટ જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં પણ વધવા પામ્યો છે. મુક્તિધામ ખાતે ભઠ્ઠીઓ પણ ૮ જેટલી હાલ ચાલુ હોવાનું જાણવા મળેલ છે.
- શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મનપાની બસ સેવા શરૂ કરવા માટેની માંગ તીવ્ર બની છે.
- આઈ.સી.ડી.એસ.માં પોષણ અભિયાન અંતર્ગત ૨૦૧૮માં આઉટ સોર્સિંગથી ભરાયેલા કર્મચારીઓની મુદત પુરી થતાં તેમને છુટા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી બેરોજગારોની સંખ્યામાં વધારો થયો છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના માહોલને કારણે માર્ગો સુમસામ બન્યા હતા.
- ગાંધીનગર શહેરના પૂર્વ મેયર અને સહકારી આગેવાન પ્રવિણ પટેલ (ક્વોલીટી), નાગરિક બેંકના પૂર્વ ચેરમેન એલ.કે. વાઘેલા તેમજ લાયન્સ અગ્રણી રશ્મિભાઈ વાઘેલાને કોરોનાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- ખેત વિકાસ પરિષદના કાર્યકારી અધ્યક્ષ ઈન્દુભાઈ જાનીનું આજે દુઃખદ અવસાન થયુ છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૮

શહેરના યુવા અગ્રણી વિપુલ પારેખ તેમજ ઉપાંગ પારેખના પિતા રમેશચંદ્ર શાંતિલાલ પારેખ નિવૃત મામલતદાર) નુ તા. ૧૮ એપ્રિલના રોજ અવસાન થયુ છે. વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ સદગતનુ ટેલીફોનિક બેસણુ તા. ૧૯ એપ્રિલને સોમવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

# વહીવટી તંત્રમાં ફેરબદલને કોરોનાનું ગ્રહણ : રૂપાણી લોકોના આરોગ્યની સુવિધામાં વ્યસ્ત

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતનું વહીવટી તંત્ર હાલ કોરોના સક્રમણ સામે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે વહીવટી તંત્રમાં ફેરફારોમાં ફરી એકવાર વિલંબ થઈ રહ્યો છે. ખુદ મુખ્યમંત્રી અને કેબિનેટના સભ્યો લોકોના આરોગ્યની સુવિધામાં વ્યસ્ત બન્યાં છે. સરકારે ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીને લક્ષ્યમાં રાખીને જિલ્લા અને રાજ્યના વહીવટી તંત્રમાં ફેરબદલની તૈયારી કરી દીધી છે પરંતુ ઓર્ડર થતાં નથી. સચિવાલયમાં ચર્ચાય છે કે કલેક્ટર, ડીડીઓ, બોર્ડ-નિગમના એમડી, મ્યુનિસિપલ કમિશર તેમજ વિભાગના સિનિયર

### અનાજ પડીકે, પાણી કિરાણામાં મળશે, રોગચાળો ફેલાશે : જૈન મુનિની ભવિષ્યવાણી વાયરલ

આઈએએસ ઓફિસરોનું લિસ્ટ તૈયાર છે. રાજ્યમાં સામૂહિક બદલીઓ પાછી ઠેલાતી જાય છે તેની પાછળ અનેક કારણો જવાબદાર છે. કોરોના સંક્રમણ વધી રહ્યું હોવાથી કેટલાક એવા ઓફિસરો છે કે જેમને સચિવાલય છોડવું નથી. જિલ્લામાં પણ એવા ઓફિસરો છે જેઓને રજવાડું છોડીને નવી જગ્યાએ જવું નથી પરંતુ બદલી એ સરકારનો પરંપરાગત અભિગમ છે તેથી આજે નહીં તો કાલે, બદલી તો થવાની છે.રાજ્યના જે શહેરોમાં મ્યુનિસિપલ કમિશનર બનતા લાઈનો લાગતી હતી તે શહેરો જેવાં કે અમદાવાદ, સુરત અને



રાજકોટમાં જવા માટે અત્યારે એકપણ ઓફિસર તૈયાર થતા નથી. આમ થવાનું કારણ મ્યુનિસિપલ કોર્પોરેશનની કથળતી હાલત અને કોરોના સંક્રમણના કારણે બદલાયેલી કાર્યપદ્ધતિ છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી હવે જ્યારે વિલંબિત બદલીઓની ફાઈલ પર સહી કરશે ત્યારે કઈ જગ્યાએ કોને મૂકવા તે મોટો પ્રશ્ન છે, કારણ કે જેમને ઓફર કરવામાં આવે છે તેઓ ઈકાર કરી રહ્યાં છે. કોરોના સંક્રમણ કેટલું ચાલે છે તે નિશ્ચિત નથી તેથી સનદી ઓફિસરો શહેરોમાં જવાથી દૂર ભાગી રહ્યાં છે. કેટલાક ઓફિસરો અત્યારે પ્રાઈમ પોસ્ટીંગ માગી રહ્યાં નથી, જે પહેલીવાર જોવા મળી રહ્યું છે. "જાન હૈ તો જહાન હૈ" સૂત્રને માનનારા ઓફિસરનો સમૂહ મોટો થઈ રહ્યો છે.

**● બુદ્ધિસાગર સુરિજીની ભવિષ્યવાણી વાયરલ...**

કોરોના સંક્રમણના સમયમાં દેશ અને દુનિયામાં હાહાકાર ફેલાયો છે ત્યારે મહુડી જૈન તીર્થના પ્રણેતા શ્રીમદ બુદ્ધિસાગર સુરિશ્વરજી મહારાજે ૧૧૦ વર્ષ પહેલાં કરેલી ભવિષ્યવાણી ધીમે ધીમે ચાલી પડી રહી છે. તેમણે તેમની રચનામાં રોગચાળાનો ઉલ્લેખ પણ કર્યો છે. મહારાજ સાહેબે "એક દિવસ એવો આવશે" એવા એક કાવ્યમાં લખ્યું છે કે--- સહુ દેશમાં સ્વાતંત્ર્યના, શુભ દિવ્ય વાદ્યો વાગશે. સાયન્સની વિદ્યા વડે શોધ ઘણી જ ચલાવશે. જે ગુપ્ત તે જાહેરમાં અદભૂત વાત જણાવશે. રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે. હુન્નરકળા સામ્રાજ્યનું બહુ જોર ધરાવશે. કર્મવીર, શૂરવીર અને જ્ઞાનવીર જન્મ લેશે. એક ખંડ બીજા ખંડની ખબર ઘડીમાં આવશે. ઘરમાં રહ્યાં વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે.,,

૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ લાલ કિલ્લા પરથી તેમના પ્રવચનમાં બુદ્ધિસાગર સુરિશ્વરજીનો ઉલ્લેખ કર્યો હતો. આ જૈન મુનિએ કહ્યું હતું કે અનાજ પડીકે બંધાશે અને પાણી કિરાણાની દુકાન (બોટલ)માં મળશે. પૃથ્વી પર ખરાબ દિવસો આવશે. રોગચાળો ફાટી નિકળશે. બુદ્ધિસાગર સુરિ મહારાજ (૧૮૭૪-૧૯૨૫) જૈન સન્યાસી, દાર્શનિક અને બ્રિટીશ ભારતના લેખક હતા. ઉત્તર ગુજરાતના વિજાપુરમાં ૧૯૭૪માં શિવાભાઈ અને અંબાબેનના પરિવારમાં જન્મેલા બેચરદાસ પટેલે છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. તેઓ જૈન સાધુ મુનિ રવિસાગરને મળ્યા અને તેમના શિષ્ય બન્યા હતા. રવિસાગરના શિષ્ય સુખ સાગરે તેમને ૧૯૦૧માં જૈન સાધુ તરીકે દિક્ષા આપી હતી અને તેમનું નામ મુનિ બુદ્ધિસાગર અપાયું હતું. તેમણે ૧૯૧૭માં મહુડી જૈન મંદિરની સ્થાપના કરી હતી. તેમણે ૨૪ વર્ષમાં ૨૫૦૦૦ ગ્રંથોનું વાંચન કર્યુ હતું. તેઓ યોગ સાધક હતા અને માત્ર દોઢ કલાકની ઊંઘ લેતા હતા. ૧૩૦ પુસ્તકો અને ૨૦૦૦ કવિતાઓ લખી છે. તેમની આ ભવિષ્યવાણી આજે સોશ્યલ મિડીયા પર વાયરલ થઈ રહી છે.

**● મરચાની ખેતીમાં ગુજરાત પછાત છતાં માલામાલ...**

મરચાંની ખેતીમાં ગુજરાતના ખેડૂતો પછાત હોવાનું તારણ સામે આવ્યું છે. રાજ્યમાં ઉત્પાદન વધારે થાય છે પણ ઉત્પાદકતામાં ખેડૂતો પાછળ છે. ગયા વર્ષે મરચાનું ૨૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું જે આ વર્ષે વધીને ૨૮ હજાર હેક્ટરમાં થયું છે. ગુજરાતનો ખેડૂત પ્રતિ હેક્ટર ૨૦૦૦ કિલોગ્રામ મરચાનું ઉત્પાદન લઈ રહ્યો છે જેની સામે ચીનનો ખેડૂત હેક્ટરે ૬૮૨૦ કિલોગ્રામ

### માટી કે જમીન વિના થતી ખેતી - હાઇડ્રોપોનિક પદ્ધતિ એ કીચન ગાર્ડનમાં આશાનું કિરણ છે

મરચા પકવે છે. કૃષિ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ગુજરાતમાં મરચાનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવી હોય તો આંધ્રપ્રદેશનું બિયારણ લાવીને ખેડૂતોએ વાવવું જોઈએ કેમ કે આખા દેશમાં આંધ્રપ્રદેશ મરચાના કુલ ઉત્પાદન પૈકી ૨૬ ટકા ઉત્પાદન કરે છે. બીજાક્રમે ૧૫ ટકા સાથે મહારાષ્ટ્ર આવે છે. ગુજરાતમાં માત્ર બે ટકા ઉત્પાદન થાય છે. ગુજરાતના ખેડૂતોને ઉત્તમકોટીના બિયારણ આપવા માટે આપણી ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો નિષ્ફળ ગયા છે. જો કે ગોંડલના ખેડૂતો આજેપણ દેશની સરેરાશ સાથે ટોચ પર છે. આ ખેડૂતો પ્રતિ હેક્ટર ૨૩૮૦ કિલોગ્રામ મરચાનું ઉત્પાદન લઈ રહ્યાં છે. ગોંડલના ખેડૂતો દેશી નહીં પણ હાઈબ્રીડ મરચાનો પાક લઈ રહ્યાં છે. આ ખેડૂતોને એક વિઘા પ્રમાણે લાખ થી સવા લાખ રૂપિયા મળે છે. બીજાક્રમે અમરેલી જિલ્લો આવે છે જ્યાં હેક્ટર પ્રમાણે ૨૨૫૦ કિલોગ્રામ મરચું પેદા થાય છે. ગુજરાતના ૫૦ હજાર જેટલા ખેડૂતો વર્ષે ૩૦૦ કરોડ રૂપિયાનું મરચુ પેદા કરે છે.

**● માટી કે જમીન વિના થતી સમૃદ્ધ અને સસ્તી ખેતી...**

કિચન ગાર્ડન માટે જમીન નહીં હોય તો ચાલશે, કારણ કે હવે હાઈડ્રોપોનિક પદ્ધતિથી છોડ ઉગાડીને તેના પાક લઈ શકાય છે. હાઈડ્રોપોનિક એ જમીન વિના છોડ ઉગાડવાની એક પદ્ધતિ છે. આ શબ્દ ગ્રીકમાંથી આવ્યો છે. આ છોડ મજબૂત, તંદુરસ્ત અને જમીનની તુલનામાં ખૂબ ઝડપથી વિકસે છે. છોડના મૂળ ક્યારેય સૂકાતા નથી. પાણીનો પ્રવાહ નિયંત્રણમાં હોવાથી છોડને પ્રતિદિન પાણી આપવાની પણ જરૂર હોતી નથી. હાઈડ્રોપોનિક ફાર્મિંગ એ ખેતીનો નવો અનુભવ છે. આ પદ્ધતિમાં કોકોપીટ, પરલાઈટ અને રોક્વુલનો ઉપયોગ થાય છે. પાકને જોઈતા પોષક તત્વો પાણીમાં ઓગાળીને જરૂરિયાત પ્રમાણે પાઈપથી પહોંચાડવામાં આવે છે. મહત્વની બાબત એવી છે કે આ પદ્ધતિમાં ૯૦ ટકા પાણી બચે છે. એટલું જ નહીં સિઝન વિના શાકભાજી લઈ શકાય છે. નિયંત્રિત તાપમાનમાં ખેતી થાય છે. રોગ તેમજ જીવાત થતી નથી. નિંદામણનો કોઈ ખર્ચ નથી. હાઈડ્રોપોનિક એ મૂળ ઈઝરાયલની ટેકનોલોજી છે. હાઈડ્રો એટલે પાણી અને પોનિક એટલે શ્રમ... આ ખેતી માટે જમીનની જરૂર નથી પણ મહેનત જોઈએ. નેટહાઉસમાં પ્લાસ્ટિકની પાઈપમાં છોડ ઉગાડવામાં આવે છે અને તાપમાનને કન્ટ્રોલ કરવાનું હોય છે. હવે તો ગુજરાતમાં પણ આ પદ્ધતિથી ખેતી શરૂ કરવામાં આવી છે. કૃષિ તજજ્ઞના મતે ગ્લોબલ હાઈડ્રોપોનિકનું માર્કેટ ચાર વર્ષ પહેલાં ૪૫ હજાર કરોડ રૂપિયાનું હતું જે વધીને અત્યારે ૫૫ હજાર કરોડનું થયું છે અને ૨૦૨૫ સુધીમાં તે ૮૦ હજાર કરોડનું થવાની ધારણા છે. અમદાવાદ જિલ્લાના એક ખેડૂતે હાઈડ્રોપોનિક પ્લાન્ટ બનાવ્યો છે જેમાં તે પ્રતિદિન ૧૦૦ કિલોગ્રામ ઘાસનું ઉત્પાદન કરે છે જે દૂધાળા પશુઓને આપવામાં આવે છે.



**● કેસર કેરી બ્રાન્ડેડ બની છે, ૩૦૦ બ્રાન્ડ ઉભી થઇ છે...**

તલાલા અને ગીરમાં પાકતી કેસર કેરી આ વર્ષે મોડી આવી છે તેથી કેરીનો રસ મોડો મળી શકે છે. આ વિસ્તારમાં કુલ ૩૨ લાખ કરતાં વધુ આંબાના વૃક્ષ છે. છેલ્લા ત્રણ વર્ષથી આબોહવાના પરિવર્તનના કારણે કેસરનો પાક ઓછો થઈ રહ્યો છે જે ખેડૂતો માટે ચિંતાનું કારણ છે. હવે ધીમે ધીમે બજારમાં કેસર કેરી આવવાની શરૂ થઈ છે પરંતુ તે પહેલાં બજારમા મહારાષ્ટ્રની આફુસ કેરીનું આગમન થઈ ગયું છે. રાજ્યમાં કુલ ૧.૬૬ લાખ હેક્ટર વિસ્તાર જમીનમાં કેસર કેરીનો પાક લેવાય છે અને તેનું સરેરાશ ઉત્પાદન ૧૨ લાખ મેટ્રીકટન છે. કેસર કેરીનું મુખ્ય કેન્દ્ર જૂનાગઢ છે પરંતુ હવે આ કેરી સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ થાય છે. સૌરાષ્ટ્રના ખેડૂતોએ કેસર કેરીમાં ખેડૂતોએ પોતાની બ્રાન્ડ ઉભી કરી છે. ગયા વર્ષે ૨૨૫ બ્રાન્ડ હતી જે આ વર્ષે

### ગુજરાતનું તીખું મરચું મોળું બન્યું છતાં આવક તરબતર, આંધ્રપ્રદેશનું મરચું ગુજરાત લાવો

વધીને ૩૦૦ બ્રાન્ડ થઈ ચૂકી છે. બ્રાન્ડના કારણે ખેડૂતોને કેરીના સારા ભાવ મળે છે. કેસર કેરીમાં તલાલા મુખ્ય કેન્દ્ર છે, જ્યાં ૧૫ લાખ કરતાં વધુ આબાં છે. જૂનાગઢમાં કેરીમાંથી ઉત્પાદનો બનાવવાના ૨૫૦ પ્રોસેસિંગ યુનિટ આવેલા છે. કહેવાય છે કે જૂનાગઢના રાજાએ ૧૯૩૧માં કેરીનું વાવેતર કર્યુ હતું જેનો રંગ કેસરી હોવાથી તેનું નામ કેસર રાખવામાં આવ્યું હતું. કેરીની સિઝન ૫૦ દિવસની હોય છે જેમાં ૧૦૦ કરોડનો વેપાર થાય છે.

**● કોરોના સંક્રમણના કારણે લગ્નપ્રસંગ છીનવાયા છે...**

ગુજરાતમાં કેટલા લગ્ન થાય છે તેવો પ્રશ્ન કોઈ પૂછે તો આરોગ્ય વિભાગ એવો જવાબ આપે છે કે રાજ્યમાં પ્રતિવર્ષ બે લાખ જેટલા લગ્ન થાય છે. આ આંકડો લગ્ન નોંધણી અધિનિયમ પ્રમાણે છે. જો કે હવે તમામ પરિવારોએ લગ્નની નોંધણી કરાવવી ફરજીયાત હોવાથી સાચો આંકડો સામે આવે છે. રાજ્યની સાડા છ કરોડની વસતીમાં બે લાખ લગ્ન એ મોટો આંકડો નથી પરંતુ કોરોના સંક્રમણના કારણે ૨૦૨૦ના વર્ષમાં લગ્ન ઓછાં થયાં છે. સરકારી લોકડાઉન અને કોરોના નિયંત્રણ માટે લાગુ કરવામાં આવેલી ગાઈડ લાઈનના કારણે લગ્નપ્રસંગો ખૂબ ઓછા થયાં છે. લગ્નઈચ્છુક પરિવારોની ખુશાલી છીનવાઈ ગઈ છે. કોરોના સંક્રમણના વર્ષમાં રાજ્યમાં માત્ર ૬૦ હજાર જેટલા લગ્ન થયાં છે. એટલે કે લગ્નપ્રસંગોનું પ્રમાણ ખૂબ ઓછું રહ્યું છે. ૨૦૨૧ના વર્ષમાં સરકારે લગ્નની મંજૂરી આપી છે પરંતુ તેમાં મર્યાદિત લોકોને આમંત્રણ આપવાનું થતું હોવાથી ઘણાં પરિવારો લગ્નપ્રસંગથી દૂર રહ્યાં છે અને પુત્ર કે પુત્રીના લગ્ન એક વર્ષ સુધી પાછા ઠેલ્યાં છે. લગ્નની સાથે જોડાયેલી બીજી બાબત બાળકના જન્મ સાથે સંકળાયેલી છે. સામાન્ય રીતે લગ્નના બીજા કે ત્રીજાવર્ષે બાળકનો જન્મ થતો હોય છે. આરોગ્ય વિભાગના રજીસ્ટર્ડ પ્રમાણે રાજ્યમાં પ્રતિવર્ષ સરેરાશ ૧૧.૫૦ લાખ બાળકોનો જન્મ થાય છે.